


# સાહિત્યની અનોખી રજૂઆત : રીડગુજરાતી.કોમ

ReadGujarati.com

**પ્રો. જયેશ વાઘાણી**

આજના યુવાવર્ગની કરૂણતા છે કે તેમને ઉપદેશથી લઈને ઉદાહરણ સુધી બધું જ જુનવાણી ઢબે આપવામાં આવે છે. અને વળી પાછું; 'જૂનું એટલે જ સોનું' એવું ઠરાવ ઠોકી બેસાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. કોઈ વસ્તુ-વિચાર કે બાબતને નવા જમાનાને અનુરૂપ આકાર આપી; પરંપરાને સ્થાને પરિવર્તનનો સહારો લઈ યોગ્ય સ્થિતિ-સંજોગ કે સમયાનુસાર તેમાં ફેરફાર કરવાનો પ્રયત્ન ભાગ્યે જ થાય છે. અને આથી જ જુનવાણી પરંતુ સાચી કે સારી બાબતો-વસ્તુ કે વિચારથી યુવાવર્ગ ધીરે ધીરે વિમુખ થતો જાય છે. યુવાવર્ગને આ બધું થોડા જરૂરી નવા રંગ-રૂપ-આકાર કે યોગ્ય રજૂઆત સાથે પીરસવામાં આવે ત્યારે તેઓ હોંશે હોંશે તેને સ્વીકારે છે, વાપરે છે અને વખાણે પણ છે. સ્ટાઈલ અને સ્ટેટસ તેમજ બ્રાન્ડ અને ટ્રેન્ડમાં માનતા યુવાવર્ગને કંઈક નવું-અવનવું-અનોખું જોઈએ છે. અને યોગ્ય રજૂઆત દ્વારા યુવાવર્ગને આકર્ષી કે આલ્હાદી શકાય છે. હજારો પુસ્તકો કે શિબિરો દ્વારા ગાંધીજીના વિચારોને યુવાવર્ગ સુધી પૂરેપૂરા ન પહોંચાડી શકાયા, પરંતુ ફક્ત એક ફિલ્મ 'લગે રહો મુન્નાભાઈ'થી આખું યુવાધન ગાંધીજીના રંગે રંગાઈ ગયું. 'ગાંધીગીરી' જેવા ચોટદાર શબ્દોને આધારે યંગજનરેશન ગાંધીજીના વિચારોને જાણવા - સમજવા- આત્મસાત્ કરવા આતુર બન્યું. ટૂંકમાં, નવી સદીમાં ફૂંકાતા પરિવર્તનના પવનને આધારે ઈનોવેશન કે ક્રિયેટીવીટીના સહારે દરેક ક્ષેત્રમાં કંઈક અનોખો અંદાજ અપનાવવો પડશે. એટલે જ ગુજરાતી સાહિત્ય તથા વાંચનથી વિમુખ થનાર યંગ જનરેશનને અનોખા અંદાજથી આકર્ષનાર અફલાતૂન વેબસાઈટ 'રીડ ગુજરાતી ડોટ કોમ' (www.readgujarati.com) તરફ આંગળી ચીંધી પુણ્ય કમાવાનું મન થયું.

આજની ફાસ્ટ લાઈફમાં પુસ્તકો કે સામયિકો માટે સમય ન આપી શકનાર લોકો પોતાના બીઝી અવર દરમિયાન પોતાની ઓફિસ કે વર્કપ્લેસમાં કોમ્પ્યુટર સ્ક્રીન પર ઈન્ટરનેટના માધ્યમથી ૧૦ કે ૧૫ મિનિટના ફ્રેસીંગ ટાઈમમાં પોતાની માતૃભાષા ગુજરાતીનું થોડું સાહિત્ય વાંચી શકે તેવા ઉમદા હેતુથી વડોદરાના મૃગેશ શાહે ૯, જુલાઈ, ૨૦૦૫ એ આ સાઈટ શરૂ કરી.

ગુજરાત કે ભારતની બહાર રહેતા ગુજરાતીઓનું માતૃભાષા પ્રત્યેનું પ્રેમત્વ

જળવાઈ રહે તેમજ નવોદિત લેખકો કે કવિઓને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરૂ પાડવાના હેતુસર ગાંઠનું ગોપીચંદન કરી મુકેશભાઈએ આ સાઈટ શરૂ કરવાનો નિર્ણય લીધેલો. આપણે ત્યાં ગુજરાતી સાહિત્યનું સર્જન થાય છે અને વેચાય પણ છે પરંતુ મોટે ભાગે પુસ્તકો પુસ્તકાલયમાં જ પડ્યાં રહે છે અથવા તો નિવૃતિમાં સમય પસાર કરવાનું સાધન બની જાય છે. ત્યારે આજકાલ વાંચે છે કોણ એ મહેણું ભાંગવા મુકેશભાઈએ માતૃભાષાની શબ્દસૃષ્ટિને કોમ્પ્યુટર પર મુકી દીધી છે. સાહિત્યને અત્યાર સુધી કાગળ પર છપાતા શબ્દ સાથે સબંધ રહ્યો છે. પરંતુ હવે, ઈન્ટરનેટના માધ્યમથી સાહિત્ય કોમ્પ્યુટર સ્ક્રીન પર પહોંચી ગયું છે. ૨૭ વર્ષીય મુકેશભાઈ બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનની ડીગ્રી ધરાવે છે. ગુજરાતી સાહિત્ય પ્રત્યેના લગાવ તેમજ જાડા અને દળદાર પુસ્તકોથી કંટાળેલા યુવાવર્ગને આધુનિક ટેક્નોલોજીના આધારે સાહિત્યનો સંગાથ આપવા ઓનલાઈન વાંચન ઉપલબ્ધ કરવા 'રીડગુજરાતી ડોટકોમ'ની શરૂઆત થઈ. સમયના બગાડને દૂર કરવા તેમજ ફોન્ટ ડાઉનલોડની ઝંઝટમાંથી છૂટકારો આપવા આ સાઈટમાં લેટેસ્ટ યુનીકોડ ફોન્ટ સીસ્ટમનો ઉપયોગ થયો. 'ધોધ'ને બદલે 'ધાર'માં માનતા મુકેશભાઈ કવિતાથી લઈને પ્રવાસવર્ણન સુધી અને બાળસાહિત્યથી લઈને લલિતનિબંધ સુધીના અવનવા વિષયોમાંથી રોજ સવારે ઉમદા સાહિત્યકારો કે નવોદિત કવિઓ-લેખકોના બે લેખો આ સાઈટ પર ઉમેરતા જાય છે. આજ સુધીમાં સાઈટ પર ૮૦૦ જેટલા લેખો અને ૧૦૦ જેટલા પુસ્તકોના પરિચય ઉપલબ્ધ છે. એક લેખકને દોઢ મહીના સુધી રીપીટ ન કરવાના નિર્ણયથી સાઈટ પર વાંચન વૈવિધ્ય જળવાઈ રહે છે. સમગ્ર વિશ્વમાં છવાયેલા ગુજરાતીઓ આ સાઈટની મુલાકાત લે છે. રોજના ચારસોથી વધુ લોકો આ સાઈટ વીઝીટ કરે છે જેમાં આશ્ચર્ય સાથે પ્રથમ ક્રમકે અમેરિકાના ગુજરાતીઓ છે જ્યારે ત્યારપછી ઓસ્ટ્રેલિયા, ભારત, આરબ, ઓમાન, જાપાન, યુક્રેન, યુગોસ્લાવીયા, સ્વીઝરલેન્ડ, સ્વીડન, સ્કોટલેન્ડ, પાકિસ્તાન જેવા દેશોના લોકો આ સાઈટ સર્ફ કરે છે. સાઈટ પર મુકેલા લેખો અને પુસ્તક પરિચય વિશે રોજની ૩૦ જેટલી કોમેન્ટ્સ મળે છે. અત્યાર સુધીમાં આ સાઈટને ૫૩૦૦ જેટલી કોમેન્ટ્સ અને ૪૨૧૦૦૦ જેટલા મુલાકાતીઓ મળ્યાં છે. સરળ તેમજ સરસ લે-આઉટ અને ઉમદા લેખો અને સમૃદ્ધ વાંચનને આધારે મુલાકાતીઓનો આંકડો દીન-પ્રતિદીન આગળ વધતો જ જાય છે.

સાઈટ પર રહેલા અવનવા વિભાગોમાંથી સૌનો ફેવરીટ વિભાગ 'સાહિત્ય'નો છે. 'પુસ્તક પરિચય' વિભાગમાં પુસ્તક વિશેની રસપ્રદ માહિતી મૂકવામાં આવે છે આ સિવાય સુવિચાર, જોક્સ, સાહિત્ય સમાચાર તેમજ ઉગતા લેખકો માટેનો ખાસ વિભાગ પણ સામેલ છે. જુલાઈ-૨૦૦૬માં આ સાઈટ પર નવોદિત લેખકો માટે આંતરરાષ્ટ્રીય વાર્તા સ્પર્ધાનું આયોજન થયેલું અને હવે ટૂંક સમયમાં 'ગઝલ સ્પર્ધા'નું આયોજન થવા જઈ રહ્યું છે. ડિસેમ્બર ૨૦૦૬માં વાચકો તેમના માનીતા લેખકો સાથે ગોઠડી કરી શકે તે માટે ડૉ. શરદ ઠાકર સાથે વાચકોનું 'લાઈવ ચેટ' રખાયું હતું અને હવે ટૂંક સમયમાં ગુણવંત શાહ સાથે 'લાઈવ ચેટ' ગોઠવાઈ રહ્યું છે. સાઈટ પર 'ગુજરાતી કેલેન્ડર' અને 'તિથિ દર્શન' જેવા ઉપયોગી વિભાગો પણ છે. વાચકો આ સાઈટ પર પોતાને ગમતી કૃતિઓ માટે ફરમાઈશ પણ કરી શકે છે. દરેક લેખક પોતાના લેખોને પુસ્તક સ્વરૂપે મૂકી શકવા સમક્ષ હોતો નથી આથી મુકેશભાઈ હવે આજ સુધીમાં રીડ ગુજરાતી ડોટ કોમને મળેલી વાચકોની કૃતિઓનું સંકલન પુસ્તક સ્વરૂપે બહાર પાડવાનું પણ વિચારે છે.

ઈન્ટરનેટ પર ભારતીય ભાષાના ઉપયોગને ઉત્તેજન આપવા માઈક્રોસોફ્ટ દ્વારા આ સાઈટને 'ઈન્ડિયન બ્લોગર્સ એવોર્ડ' આપવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયામાં સીડની ખાતે ગુજરાતીઓ માટેની રેડિયો સર્વિસ શરૂ થઈ છે. જેના પર આ સાઈટ શરૂ કરવા બદલ મુકેશભાઈની ખાસ મુલાકાત પ્રસારીત કરવામાં આવી હતી. અંતે, પુસ્તકોને 'થોથા' ગણતા લોકો માટે હવે વાંચન માટે અનેરો ઓપ્શન 'રીડ ગુજરાતી ડોટ કોમ' રૂપે ઉપલબ્ધ છે. આપની અનુકુળતાએ આ 'સાઈટ' પર ભૂલા પડી; સાહિત્યની દુનિયામાં ખોવાઈ જવાની ભલામણ છે.

તો ચાલો ત્યારે... હેપી સર્ફીંગ!

**તણખો**

**'हम है नये;**
**अंदाज क्युं हो पुराना !'**

'દિલ ચાહતા હૈ' ફિલ્મના એક ગીતમાં સંભળાતો યુવાવર્ગનો અવાજ

૩૦૧, [illegible] એપાર્ટમેન્ટ,
[illegible], અમીન માર્ગ,
રાજકોટ. મો. ૯૪૨૧૨ ૦૪૪૩૧
E-mail : jaytikoo@rediffmail.com